


(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)




Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષ: ૬, ◆ અંક: ૧૩, ◆ સળંગ અંક: ૭૩, ◆ તા.૧૯/૧૧/૨૦૨૨, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશક: ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળ: ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સ: ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

## ટેક્ષ ટુડે તંત્રી સ્થાનેથી...






ટેક્સ ટુડેના વાંચકોને ટેક્સ ટુડે ટિમ વતી Happy New Year. ૨૦૧૬થી શરૂ થયેલ ટેક્સ ટુડે ન્યૂઝ પેપર છેલ્લા ૬ વર્ષથી વાંચકોને ઇન્કમ ટેક્સ, જી.એસ.ટી. જેવા જટિલ ટેક્સ કાયદાઓની માહિતી, સમજણ ગુજરાતીમાં સરળ ભાષામાં આપવા પ્રયત્નશીલ છે. ટેક્સ ટુડે સાથે જોડાયેલ અલગ અલગ ગામના પ્રતિનિધિઓ, તજજ્ઞ લેખકો, એક્સપર્ટ તરીકે સેવા આપતા ટેક્સ ટુડે એક્સપર્ટ્સ CA મોનીષભાઈ શાહ, CA દિવ્યેશભાઈ સોઢા તથા એડવોકેટ લલિતભાઈ ગણાત્રાનો આ તકે હું ખાસ આભાર પ્રકટ કરીશ. અમારા લેખકો, પ્રતિનિધિઓ તથા એક્સપર્ટ્સ પોતાની રોજીંદા બીઝી શિડ્યુલમાંથી સમય ફાળવી ટેક્સ ટુડે માટે માહિતીસભર લેખ, સમાચાર તથા જવાબો પ્રકાશિત કરવામાં સતત મદદરૂપ થતાં હોય છે. આ તકે અમારા વાંચકોનો પણ વિશેષ આભાર કે જેઓના પ્રોત્સાહન થકી અમે નિયમિત ટેક્સ ટુડે પર અપડેટેડ માહિતી પ્રકાશિત કરવા પ્રયત્નો કરતાં હોય છે.

એક ટેક્સ વ્યવસાયી સાથે અન્ય ફેમિલી બિઝનેસમાં પણ હું કાર્યરત હોય, છેલ્લા થોડા સમયથી ટેક્સ ટુડે પોર્ટલ (www.taxtoday.co.in) પરની અપડેટ્સની સંખ્યામાં થોડો ઘટાડો આવ્યો છે. આપ સૌ હિતેચ્છુઓને સહર્ષ જણાવવાનું કે આગામી ડિસેમ્બરથી અમારું એક નવું સોપાન લોકો સમક્ષ મૂકવા જઇ રહ્યા છીએ. જાણીતા પ્રવાસસ્થળ દિવની બોર્ડર પર (ગુજરાતમાં) એક રિસોર્ટ શરૂ કરવા જઇ રહ્યા છીએ. ફ્લેમિંગો ક્લબ એન્ડ રિસોર્ટ નામનો રિસોર્ટ એ ૧ પ્રેસિડન્સિયલ સ્યૂટ, ૨ VIP સ્યૂટ રૂમ્સ સહિત ૩૦ રૂમ્સની એક ઈકો ફ્રેંડલી પ્રોપર્ટી છે. કુદરતને નજીકથી માણવાની મજા લેવા આપ સૌને અમારી આ પ્રોપર્ટીમાં પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવતા હર્ષ અનુભવું છું.

કેરિયરની શરૂઆત એક ટેક્સ પ્રોફેશનલ તરીકે કરી છે અને જીવન પર્યંત આ વ્યવસાયમાં જોડાયેલો રહેવા કટિબદ્ધ છું. ટેક્સ ટુડેના આ મધ્યમથી આપ સૌ સાથે જોડાયેલા રહેવાનો પણ સતત પ્રયાસ કરતો રહીશ.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**

# ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સ (AIFTP)ના સ્થાપના દિનની સમગ્ર દેશના ટેક્સ પ્રોફેશનલ્સ દ્વારા ઉજવણી




તા. ૧૪.૧૧.૨૦૨૨: ભારતના ટેક્સ પ્રોફેશનલ્સના સૌથી મોટા એસોસીએશન એવા ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રોફેશનલ્સ (AIFTP)ના ૪૬માં સ્થાપના દિનનું ઉજવણી સમગ્ર દેશમાં ટેક્સ પ્રોફેશનલ્સ દ્વારા તારીખ ૧૧ નવેમ્બરના રોજ ઉજવણી કરવામાં આવી હતી.

દેશના આલગ અલગ સ્થળો પર AIFTPના ધ્વજ લહેરવી અનેકવિધ કાર્યેક્રમ દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે સંસ્થાના રાષ્ટ્રીય પ્રમુખ ડી. કે. ગાંધી દ્વારા ટેક્સ પ્રોફેશનલ્સને શુભેચ્છાઓ પાઠવી હતી.

જુનાગઢ ખાતે AIFTP દિવસની ઉજવણી
સુરત ખાતે AIFTP દિવસની ઉજવણી
નડિયાદ ખાતે AIFTP દિવસની ઉજવણી
ભાવનગર ખાતે AIFTP દિવસની ઉજવણી

# કરદાતાને સુનાવણીની તક આપ્યા વગર પસાર કરવામાં આવેલ આદેશ રદ્દ કરતી ગુજરાત હાઈકોર્ટ

## હાઇટિક સ્વીટ વોટર ટેકનોલોજિસ પ્રા. લી વી. ગુજરાત રાજ્યના (૧૪૩૪૭/૨૦૨૨) કેસમાં મહત્વનો ચુકાદો આપતી ગુજરાત હાઈકોર્ટ



તા. ૧૪.૧૦.૨૦૨૨: ગુજરાત હાઈકોર્ટ દ્વારા એક કેસમાં કરદાતા તરફે મહત્વનો ચુકાદો આપી અધિકારી દ્વારા કરદાતાને સુનાવણીની તક આપ્યા વગર પસાર કરવામાં આવેલ ત્રણ આકારણી આદેશ રદ ઠરાવવામાં આવ્યા છે. કેસની વાત કરીએ તો કરદાતા પાણીના ફિલ્ટરના ઉત્પાદન કરતાં હતા. તેઓ સામે અધિકારી દ્વારા ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ તથા ૨૦૧૯-૨૦ માટેના આકારણી આદેશ તારીખ ૧૯.૦૪.૨૦૨૨ ના રોજ પસાર કરવામાં આવ્યા હતા. આ અગાઉ આ વર્ષો માટે અધિકારી દ્વારા DRC ૧ની કારણ દર્શક નોટિસ કરદાતાને ૧૩.૦૩.૨૦૨૨ ના રોજ આપવામાં આવી હતી. આ કારણદર્શક નોટિસ સામે કરદાતાએ જવાબ રજૂ કરવામાં આવ્યો હતો. આકારણી અધિકારીએ ત્યારબાદ કરદાતાને કોઈ પણ સુનાવણીની તક આપ્યા વગર મોટી રકમનું માંગણું ઉપસ્થિત કરતા ત્રણ વર્ષ માટે ત્રણ આદેશ પસાર કરવામાં આવ્યા હતો. આ આદેશ સામે કરદાતાએ માનનીય ગુજરાત હાઈકોર્ટના દ્વારા ખટખટાવ્યા હતા. કરદાતા તરફે ઉપસ્થિત વકીલ દ્વારા માનનીય ગુજરાત હાઈકોર્ટનો કેસ મે. અલકેમ લેબોરેટરીઝ લી. વી. યુનિયન ઓફ ઈન્ડિયા ૨૦૨૧ (૪૬) GSTL 113 (Guj)નો કેસ ટાંકી રજૂઆત કરવામાં આવી હતી કે સુનાવણીની તક આપ્યા સિવાય પસાર કરવામાં આવેલ આકારણી આદેશ કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરુદ્ધ કહેવાય અને આવો આદેશ ટકી શકે નહીં. જી.એસ.ટી. કાયદાની કલમ ૭૪(૪) તથા ૭૪(૫) મુજબ કરદાતા દ્વારા જ્યારે પણ શો કોઝ નોટિસ સામે વ્યક્તિગત સુનાવણીની માંગ કરવામાં આવે ત્યારે આ સુનાવણી આપવી ફરજિયાત છે. જો કે પ્રસ્તુત કેસમાં સુનાવણીની માંગણી કરદાતા દ્વારા કરવામાં આવી ના હતી. આમ છતાં કરદાતા વતી દલીલ કરવામાં આવી હતી કે આ સુનાવણીની માંગણી ના કરવામાં આવી હોય આમ છતાં કુદરતી ન્યાયના સિદ્ધાંતો ધ્યાને લઈ આ સુનાવણી માટે તક આપવી જરૂરી છે. જી.એસ.ટી. ડિપાર્ટમેંટ વતી ઉપસ્થિત વકીલ દ્વારા પણ આ બાબતનો તથા અલકેમ લેબોરેટરીના ચુકાદાનો સ્વીકાર કરી સ્વીકાર કર્યો હતો કે અધિકારી આજથી ત્રણ અઠવાડીયામાં કરદાતાને સુનાવણીની તક આપશે અને ત્યાર બાદ વિગતવાર આદેશ પસાર કરશે તેવી સહમતી આપી હતી. માનનીય હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવ્યું હતું કે ''કુદરતી ન્યાયના સિદ્ધાંતોની અવગણનાના કારણે અધિકારી દ્વારા પસાર કરવામાં આવેલ ૧૯.૦૪.૨૦૨૨ ના રોજના આદેશો આથી રદ કરવામાં આવે છે. અધિકારી કરદાતાને આજ થી ત્રણ અઠવાડીયામાં સુનાવણીની તક આપી, આ સુનાવણીથી બે અઠવાડીયામાં કાયદાની જોગવાઇઓ મુજબ આદેશ પસાર કરશે''. આ કેસના તથ્યો બાબતે કોર્ટ દ્વારા કોઈ અભિપ્રાય આપવામાં આવ્યો નથી તેવી પણ આ આદેશમાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જી.એસ.ટી. હેઠળ કરદાતાને સુનાવણીની તક આપ્યા વગર ઘણા આદેશ પસાર કરી મસમોટી ડિમાન્ડ ઊભી કરવામાં આવતી હોય છે. આ તમામ કેસો માટે આ ચુકાદો મહત્વનો સાબિત થશે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**




# શું જી.એસ ટી. કાયદાની આ જોગવાઈઓ છે વેપાર વિરોધી???



By Pratik Mishrani, Tax Advocate, Junagadh




**શું GSTનો કાયદો માત્ર Supplierના હકની સુરક્ષા માટે જ છે??**

એમ માનવમાં આવે છે કે ભારતીય કાયદાઓ સ્ત્રીઓના હક તરફ વધુ ઝૂકેલો છે, ત્યારે નિષ્ણાતો એવું મને છે કે, GSTનો કાયદો માત્ર Supplierના હક તરફે નો જ છે. આવું કેહવા પાછળનો હેતુ આ આર્ટીકલ મારફત સમજાવાનો પ્રયત્ન કરીએ છીએ.

**- GSTR-2A/2B V/S 180 Days Reversal or Interest on ITC:-**

**- Section 16(2)(aa) :-**

સદરહુ કલમ મુજબ વેચનાર વેપારી પોતાના GSTR-1મા સમયસર જેટલા બીલો અપલોડ કરશે એટલા જ બીલો ખરીદનાર ને પોતાના GSTR-2B મા બતાવશે, અને જેટલા બીલો GSTR-2Bમાં બતાવશે એટલા જ બીલોની ખરીદનારને ITC મળશે. (પછી ભલેને ખરીદનારે સમયસર ટેક્ષ સાથેની રકમ વેચનારને ચૂકવી આપેલ હોય પણ જો વેચનાર GSTR-1મા બીલો સમયસર અપલોડ નહી કરે તો ખરીદનારને સદરહુ ITC મળશે નહી.) પાડાના વાંકે પખાલીને ડામ...

**- Section 16(2)(c) :-**

સદરહુ કલમ મુજબ ખરીદનારે જે ટેક્ષની રકમ વેચનારને ચૂકવી આપેલ છે તે ટેક્ષની રકમ વેચનાર સરકારને સમયસર ચૂકવી આપશે તો જ સદરહુ ટેક્ષની રકમ ITC સ્વરૂપે ખરીદનારને મળશે (પછી ભલે ખરીદનારે સમયસર ટેક્ષની રકમ વેચનારને ચૂકવી આપેલ હોય, પણ જો વેચનાર એ રકમ સરકારને નહી ચુકવે નુકશાન ખરીદનારને ITC મળશે નહી.) ''પાડા ના વાંકે પખાલી ને ડામ''

**- Section 16(2) ( Second Proviso ):-**

સદરહુ કલમ મુજબ ખરીદનારે ૧૮૦ દિવસની અંદર વેચનારને ટેક્ષ સાથેની રકમનું પેમેન્ટ કરવું ફરજીયાત છે અન્યથા સદરહુ રકમની ITC ખરીદનારને મળશે નહિ અને ૧૮૦ દિવસથી મોડું પેમેન્ટ થશે તો બીલ સદરહ બીલની તારીખથી પેમેન્ટની તારીખ સુધીનું વ્યાજ સરકારશ્રીને ચૂકવવાનું રેહશે. (પછી ભલે વેચનારે GSTR-1માં સદરહુ બીલના અપલોડ કર્યા હોઈ એટલા માટે ખરીદનારે સદરહુ પેમેન્ટ ૧૮૦ દિવસથી મોડું ચૂકવેલ હોઈ.) ''પાડાના વાંકે પખાલીને ડામ''

હવે ઉપરોક્ત કલમો ને આધારે જે પરિસ્થિતિઓ સર્જાય એ જણાવીએ છીએ.

૧. Section 16(2)(aa) મુજબ આપને GSTR-2Bમાં બીલ બતાવે છે , એટલે કે વેચનારે સરકારશ્રીને ટેક્ષ ચૂકવી આપેલ છે, પણ આપે ૧૮૦ દિવસમાં પેમેન્ટ નથી કર્યું, ભલે તમારા વેચનારને આ બાબતથી વાંધો ના હોય પણ સરકારને ટેક્ષ મળી ગયો હોવા છતાં વાંધો છે. માટે આપને ITC મળશે નહી. (Supplierના હક્ની સુરક્ષા)

૨. Section 16(2)(c) મુજબ વેચનારે સરકારને ટેક્ષની રકમ સમયસર ચૂકવી આપેલ પણ GSTR-1માં અપલોડ કરવામાં ભૂલ થતા આપને GSTR-2Bમાં ના બતાવ્યું, તો ITC મળશે નહી (Supplierના હક્ની સુરક્ષા)

૩. આપે માલની ખરીદી કરેલ તેમજ Section 16(2) (Second Proviso) ૧૮૦ દિવસમાં વેચનારને પેમેન્ટ કરી કરી આપેલ અને વેચનાર ડીફોલ્ટર થઈ ગયો, ભલે તમારી પાસે ખરીદ બીલ હોય, ટ્રાન્સપોર્ટ ના તેમજ પેમેન્ટ પુરાવા હોઈ તો પણ સરકાર શ્રી સદરહું ટેક્ષ વેચનાર પાસેથી નહી માંગે પરંતુ આપની પાસેથી ITC વ્યાજ સાથે પરત લેશે . (Supplierના હક્ની સુરક્ષા)

૪. હવે એક સરકારશ્રીની win-win પરિસ્થિતિ, વેચનારે બીલ નં.૧ GSTR-1મા અપલોડ કરી આપેલ જેનો ટેક્ષ GSTR-3B મારફત ૧૮૦ દિવસ મોડો ભર્યો તો વેચનાર પાસેથી વ્યાજ મળ્યું, વેચનારે GSTR-3B મોડું ભર્યું અને GSTR-1 સમયસર ભરી આપેલ જેથી ખરીદનારના GSTR-2Bમાં દેખાતા, ખરીદનારે ITC ક્લેમ કરી લીધેલ પરંતુ વેચનારે GSTR-3B મારફત ૧૮૦ દિવસ મોડો ટેક્ષ ભર્યો માટે ખરીદનારે બીલ નં.૧નું પેમેન્ટ ૧૮૦ દિવસથી મોડું કર્યું તો ખરીદનાર પાસેથી પણ વ્યાજ મળ્યું, એક જ બીલ ઉપર વેચનાર અને ખરીદનાર બંને પાસેથી વ્યાજ મળ્યું. અચ્છે દિન આ ગયે...

સદરહુ પરિસ્થિતિઓના આધારે વેચનારને ખરીદનાર તરફથી એક હિન્દી કેહવત કહીએ છીએ...

**''चित भी मेरी, पट भी मेरी, अंटा मेरे बाप का...''**

**ભડકેલા GST Practionersનો અવાજ**

# ઈન્કમ ટેક્સ નોટિસથી બચવા આ બાબતોનો રાખો ખાસ ખ્યાલ!!

## ઈન્કમ ટેક્સ નોટિસથી દૂર રહેવા રાખો આર્થિક વ્યવહારો કરવામાં સાવચેતી. કહેવાય છે ને After all prevention is better than Cure!!



By Bhavya Popat

તા ૧૮.૧૦.૨૦૨૨ ઈન્કમ ટેક્સ હેઠળ નોટિસ આવે ત્યારે વ્યક્તિ તાણ અનુભવતો હોય છે તે સામાન્ય બાબત છે. એક ટેક્સ એડવોકેટ તરીકેની પ્રેક્ટિસ દરમ્યાન અમારી સામે અવારનવાર એવા કેસ આવતા હોય છે જ્યાં ઈન્કમ ટેક્સ નોટિસ આવવાના કારણે વ્યક્તિએ ખાવા-પીવાનું તથા આરામ છોડી દીધેલ હોય. ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ અમુક ભૂલો એવી હોય છે જે થઈ જાઈ પછી તેનો કોઈ ઈલાજ નથી અને આ ભૂલો વ્યક્તિઓ માટે ખૂબ મુશ્કેલ સાબિત થતી હોય છે. આજે આ લેખમાં એવી ભૂલો વિષે સામાન્ય લોકોને માહિતી આપવા પ્રયાસ કર્યો છે. ઈન્કમ ટેક્સ હેઠળ અલગ અલગ પ્રકારની નોટિસ આપવામાં આવતી હોય છે. પરંતુ આકારણી તથા ફેર આકારણીની નોટિસો ઈન્કમ ટેક્સ અન્વયે સૌથી ગંભીર નોટિસો ગણવામાં આવતી હોય છે. આ આકારણી અને ખાસ કરીને ફેરઆકારણીની નોટિસ સામાન્ય રીતે એવા કરદાતાને આપવામાં આવતી હોય છે જેણે ઈન્કમ ટેક્સ હેઠળ અમુક એવા વ્યવહારો કર્યા છે જે વ્યવહારો અંગેની જાણ નિયત વ્યક્તિ/સંસ્થા દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને કરવી ફરજિયાત હોય છે. આવા વ્યવહાર કર્યા હોય અને જે તે વર્ષનું ઈન્કમ ટેક્સ રિટર્ન કરદાતા દ્વારા ભરી આપવામાં આવ્યું હોય તો નોટિસ આવવાની શક્યતા ઓછી રહેતી હોય છે. પરંતુ આ પ્રકારે નિયત વ્યવહાર કર્યા હોવા છતાં તે વર્ષ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં ના આવે ત્યારે ઈન્કમ ટેક્સ હેઠળ આકારણી/ફેરાકારણી માટેની નોટિસ કરદાતાને આપવામાં આવતી હોય છે. અગાઉ આકારણી વર્ષના છ વર્ષ સુધી ફેર આકારણી માટેની નોટિસો આપવામાં આવતી હતી. આ સમય મર્યાદામાં સુધારો કરી ૦૧ એપ્રિલ ૨૦૨૧ બાદ આ પ્રકારે ફેર આકારણીની નોટિસ આપવાની સમય મર્યાદા જે તે આકારણી વર્ષથી ત્રણ વર્ષ કરી આપવામાં આવી છે.

### ઈન્કમ ટેક્સ ફેર આકારણીની નોટિસથી દૂર રહેવા નીચેના વ્યવહારો વિષે સમજણ મેળવવી ખૂબ જરૂરી છે.

એવા વ્યવહારો જેના કારણે ઈન્કમ ટેક્સ નોટિસ આવવાની સંભાવના રહેતી હોય છેઃ

૧. રોકડમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમના ડ્રાફ્ટ કોઈ પણ બેન્ક ખાતામાંથી નિકાળવામાં આવ્યા હોય. આ ઉપરાંત કોઈ એક ખાતામાં અથવા એકથી વધુ કરંટ એકાઉન્ટમાં નાણાકીય વર્ષમાં ૫૦ લાખ કે તેથી વધુ રકમ રોકડમાં જમા કરવામાં આવે અથવા રોકડ ઉપાડ કરવામાં આવ્યા હોય.

૨. ૧૦ લાખ કે તેથી વધુ રકમ નાણાકીય વર્ષમાં કરંટ કે ફિક્સ ડિપોઝિટ સિવાયના (એટલેકે સેવિંગ બેન્ક, રિકરિંગ ખાતું વી) કોઈ એક ખાતામાં અથવા એકથી વધુ ખાતામાં જમા કરવામાં આવી હોય.

૩. નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમની ટાઈમ ડિપોઝિટ (ફિક્સ ડિપોઝિટ) કોઈ વ્યક્તિના એક ખાતામાં અથવા એકથી વધુ ખાતામાં (બેન્ક/પોસ્ટ ઓફિસ વગેરેમાં) શરૂ કરવામાં આવે.

૪. ક્રેડિટ કાર્ડના બિલની ૧ લાખ કે તેથી વધુની રકમની રોકડમાં ચુકવણી કરવામાં આવે અથવા ક્રેડિટ કાર્ડના બિલની નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ ચુકવણી કરવામાં આવે.

૫. કોઈ કંપનીના બોન્ડ અથવા ડિબેન્ચર માટે નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમની ખરીદી માટે ચુકવણી કરવામાં આવે.

૬. કોઈ કંપનીના શેર ખરીદવા માટે નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમની ચુકવણી કરવામાં આવે.

૭. કોઈ પણ વ્યક્તિ પાસેથી કોઈ કંપની પોતાના શેર બાય-બેક કરે જેની ચુકવણી નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ કરવામાં આવી હોય.

૮. કોઈ વ્યક્તિ દ્વારા નાણાકીય વર્ષમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમના મ્યુચયલ ફંડની ખરીદી કરવામાં આવી હોય.

૯. કોઈ વ્યક્તિ દ્વારા નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ મૂલ્યના ટ્રાવેલર્સ ચેકની ખરીદી કરવામાં આવે અથવા અથવા કોઈ આંતરરાષ્ટ્રીય કાર્ડમાં ૧૦ લાખ કે તેથી વધુ રકમનો ખર્ચ કરવામાં આવેલ હોય.

૧૦. કોઈ વ્યક્તિ દ્વારા સ્થાવર મિલકતની ખરીદી માટે ૩૦ લાખ કે તેથી વધુ રકમનો અવેજ ચૂકવવામાં આવ્યો હોય અથવા જે તેવી મિલ્કતની ખરીદી કરેલ હોય જેનું જંત્રીનું મૂલ્ય ૩૦ લાખ કે તેથી વધુ થતું હોય.

૧૧. કોઈ માલ કે સેવા માટે ૨ લાખથી વધુ રકમની ચુકવણી રોકડમાં કરવામાં આવે.




ઉપર જણાવેલ વ્યવહારો કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવે ત્યારે તેને ઈન્કમ ટેક્સ નોટિસ આવવાની સંભાવના રહેતી હોય છે. મારા અંગત અનુભવ પ્રમાણે ઉપર પૈકી જે વ્યવહારોમાં સૌથી વધુ કરદાતાઓ દ્વારા ભૂલો થતી હોય છે તે વ્યવહારો વિષે વિગત વાર માહિતી આપવા નીચે પ્રયાસ કરવામાં આવ્યો છે.

### બેન્કના ખાતામાં કરવવામાં આવતી મોટી રકમની ડિપોઝિટઃ

#### કરંટ ખાતા

સામાન્ય રીતે બેન્ક ખાતામાં મોટી રકમ જમા કરાવવાના કારણે અનેક નોટિસ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી આપવામાં આવતી હોય છે. કોઈ કરંટ ખાતામાં નાણાકીય વર્ષમાં ૫૦ લાખ કે તેથી વધુ રકમ જમા કરાવવામાં આવે અથવા ૫૦ લાખ કે તેથી વધુ રકમ નાણાકીય વર્ષ દરમ્યાન ઉપાડ કરવામાં આવે ત્યારે બેન્ક દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને જે તે વ્યક્તિના ક્અગ અને વ્યવહારની માહિતી પૂરી પાડવાની થતી હોય છે. આ બાબતે એ જાણવું જરૂરી છે કે આ રોકડ જમા તથા ઉપાડની રકમ એ તેના તમામ ખાતા માટે ગણવાની રહે છે. હાલ, જ્યારે સમગ્ર દેશની તમામ બેન્કોની સિસ્ટમ એક બીજા સાથે જોડાયેલ ના હોય હાલ માત્ર જે તે બેન્કની તમામ બ્રાન્ચ માટે આ રકમની મર્યાદા લાગુ થઈ રહી છે. ઉદાહરણ તરીકે જો કોઈ વ્યક્તિ સ્ટેટ બેન્ક ઓફિ ઈન્ડિયાની અમદાવાદ શાખાના પોતાના કરંટ ખાતામાં ૨૫ લાખ જમા કરાવે અને ત્યારે બાદ થોડા દિવસ પછી તે જ નાણાકીય વર્ષમાં પોતાના અન્ય એક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ઉનાના કરંટ ખાતા વધુ ૨૫ લાખ જમા કરાવે ત્યારે આ સંજોગોમાં પણ બેન્ક દ્વારા આ વ્યવહાર અંગે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને જાણ કરવામાં આવશે.

#### ફિક્સ ડિપોઝિટ

કોઈ વ્યક્તિ નાણાકીય વર્ષ દરમ્યાન ૧૦ લાખ કે તેથી વધુ રકમની ટાઈમ ડિપોઝિટ (જેને સામાન્ય રીતે ફિક્સ ડિપોઝિટ તરીકે ઓળખવામાં આવે છે) કરાવે ત્યારે આ અંગેની જાણ પણ બેન્ક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને કરવામાં આવતી હોય છે. જો કે આ ફિક્સ ડિપોઝિટની રકમની ગણતરી કરવામાં જે ફિક્સ ડિપોઝિટ રિન્યૂ કરવામાં આવી હોય તેનો સમાવેશ કરવામાં આવશે નહીં.

### કરંટ કે ફિક્સ ડિપોઝિટ સિવાયના ખાતા (સેવિંગ ખાતું, રિકરિંગ ડિપોઝિટ ખાતું વી)

કોઈ વ્યક્તિ જ્યારે કરંટ ખાતા, ફિક્સ ડિપોઝિટ ખાતા સિવાયના ખાતામાં ૧૦ લાખ કે તેથી વધુ રકમ રોકડમાં જમા કરાવે ત્યારે આ અંગેની માહિતી જે તે બેન્ક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને આપવામાં આવતી હોય છે. આ પ્રકારના ખાતાઓમાં સેવિંગ બેન્ક ખાતું (બચત બેન્ક ખાતું), રિકરિંગ ડિપોઝિટ, કેશ ક્રેડિટ ખાતું (CC ખાતું), લોન ખાતું વગેરેનો સમાવેશ થતો હોય છે. આ બાબતે એ જાણવું જરૂરી છે કે આ રોકડ જમા રકમ એ તે વ્યક્તિના તમામ ખાતા માટે ગણવાની રહે છે. હાલ, જ્યારે સમગ્ર દેશની તમામ બેન્કોની સિસ્ટમ એક બીજા સાથે જોડાયેલ ના હોય હાલ માત્ર જે તે બેન્કની તમામ બ્રાન્ચ માટે આ રકમની મર્યાદા લાગુ થઈ રહી છે. ઉદાહરણ તરીકે જો કોઈ વ્યક્તિ સ્ટેટ બેન્ક ઓફિ ઈન્ડિયાની અમદાવાદ શાખામાં ૫ લાખ જમા કરાવે અને ત્યારે બાદ થોડા દિવસ પછી એ નાણાકીય વર્ષમાં પોતાના અન્ય એક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ઉનાના સેવિંગ ખાતા વધુ ૫ લાખ જમા કરાવે ત્યારે આ સંજોગોમાં પણ બેન્ક દ્વારા આ અંગે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટને આ વ્યવહારની જાણ કરવામાં આવશે.

### આ પ્રકારના વ્યવહાર થયેલ હોય તો શું તકેદારી લેવી છે જરૂરી?

જ્યાં સુધી શક્ય હોય આ પ્રકારના વ્યવહારથી દૂર રહેવું જરૂરી છે. જો આ પ્રકારે કોઈ વ્યવહાર થયેલ હોય તો જે તે વર્ષ માટેનું ઈન્કમ ટેક્સ રિટર્ન અચૂક ભરી આપવું જોઈએ. આ રિટર્ન ભરવાં માટે કોઈ નિષ્ણાંત એડવોકેટ, CA કે ટેક્સ પ્રેકટિશનરની સલાહ લેવી ઉપયોગી બને. જો કોઈ જૂના વર્ષ માટે આ પ્રકારે વ્યવહાર થયેલ હોય જેના માટે રિટર્ન ભરવાની સમય મર્યાદા વીતી ગઈ હોય તેવા સંજોગોમાં ટેક્સ પ્રોફેશનલની સલાહ લઈ યોગ્ય પગલાં લેવામાં આવે તે જરૂરી છે. જો કે આ પ્રકારના વ્યવહારો કરવામાં આવ્યા હોય અને કરદાતા નિયમિત રીતે પોતાનું આવક વેરા રિટર્ન ભરતા હોય તો તેમને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી આવા વ્યવહારો માટે પણ નોટિસો આવવાની સંભાવના ઓછી રહેતી હોય છે. આમ, આ પ્રકારના વ્યવહાર કરતાં વ્યક્તિઓએ ઈન્કમ ટેક્સ રિટર્ન નિયમિત ભરવું જરૂરી છે. જે વ્યક્તિ ઈન્કમ ટેક્સ રિટર્ન નથી ભરતા તેઓના માટે ઉપરની વિગતો અંગેની માહિતી મેળવી આવા વ્યવહારથી દૂર રહેવું જ હિતાવહ છે. કહેવાય છે ને Prevention is better than Cure!!!

**(આ ઉપરાંત અમુક ખાસ વ્યવહાર છે જે કરવાથી કરદાતા દૂર રહે તે હિતવાહ છે. આ વ્યવહારોની માહિતી આગામી અંકમાં આપવામાં આવશે)**

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૧૭.૧૦.૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે)**

# HSN લખવા બાબતે મહત્વના ફેરફારો જે જાણવા છે તમારે જરૂરી



By Prashant Makwana

**તારીખઃ ૦૬/૧૧/૨૦૨૨**

**HSN કોડ ટેક્ષ ઈન્વોઈસ અને GSTR-1માં લખવા અંગેની સરળ સમજુતી**

નોટીફીકેશન નંબર ૭૮/૨૦૨૦ સેન્ટ્રલ ટેક્ષ દ્વારા HSN કોડ લખવાના નિયમમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આ નોટીફીકેશન ૭૮/૨૦૨૦ સેન્ટ્રલ ટેક્ષ ૧/૪/૨૦૨૧થી અમલમાં આવ્યું છે. એટલે કે ૦૧/૦૪/૨૦૨૧થી નીચે મુજબની રીતે TAX INVOICE માં HSN કોડ ફરજીયાત લખવો પડે. આ ફેરફાર HSN કોડ GSTR-1માં લખવા માટે GST PORTAL પર અમલ ન તો થયો તે ૦૧/૦૪/૨૦૨૨થી તબક્કા વાર GST PORTAL પર શરૂ થયું છે. તે આપણે આર્ટીકલમાં વિગતવાર જોઇશુ....

તારીખ ૧/૦૪/૨૦૨૧થી ટેક્ષ ઈન્વોઈસમાં નીચે મુજબ HSN કોડ દર્શાવવો ફરજીયાત છે.

| અનુક્રમ નંબર | પાછલા વર્ષનું ટર્ન ઓવર | HSN કોડના ડીજીટ |
|---|---|---|
| ૧. | ૫ કરોડ સુધી | ૪ ડીજીટ HSN કોડ |
| ૨. | ૫ કરોડથી વધુ | ૬ ડીજીટ HSN કોડ |

જે રજીસ્ટર્ડ વેપારીનું ટર્ન ઓવર ૫ કરોડથી વધુ હોય તે વેપારીએ B2B અને B2C બંને પ્રકારના વ્યવહારોમાં ૬ ડીજીટનો HSN કોડ લખવો ફરજીયાત છે.

જે રજીસ્ટર વેપારીનું ટર્ન ઓવર ૫ કરોડ સુધી હોય તે વેપારી એ B2C એટલે કે GSTમાં રજીસ્ટર્ડનો હોય તો તે વેપારીને માલ કે સેવા આપવામાં આવે ત્યારે ૪ ડીજીટ HSN કોડ લખવો વૈકલ્પિક છે.

EXPORTના વ્યવહારમાં કુલ વાર્ષિક ટર્નઓવર ૫ કરોડ સુધી હોય કે ૫ કરોડથી વધુ હોય તો બધાજ કરદાતા એ ૮ ડીજીટનો HSN કોડ લખવો ફરજીયાત છે.

GST પોર્ટલ પર GSTR -1માં નીચે મુજબની તારીખથી HSN કોડ લખવાનું ફરજીયાત થયું છે.

| કૂલ વાર્ષિક ટર્નઓવર ૫ કરોડ સુધી | કૂલ વાર્ષિક ટર્નઓવર ૫ કરોડથી વધુ GSTR-1માં ૪ ડીજીટ HSN કોડ લખવો ૦૧/૦૪/૨૦૨૨થી ફરજીયાત કરેલ છે. |
|---|---|
| GSTR-1માં ૪ ડીજીટ HSN કોડ ૦૧/૦૪/૨૦૨૨ ફરજીયાત કરેલ છે. | ૧૧/૦૮/૨૦૨૨ થી ૬ ડીજીટ HSN કોડ લખવો ફરજીયાત કરેલ છે. |

તારીખ ૦૧/૧૧/૨૦૨૨થી GSTR-1 ફાઈલ કરીશું. તેમાં નીચે મુજબની રીતે HSN કોડ લખવો ફરજીયાત છે.

જે કરદાતાનું પાછલા વર્ષનું કૂલ વાર્ષિક ટર્નઓવર ૫ કરોડ સુધી હોય તે કરદાતા એ ૦૧/૧૧/૨૦૨૨થી GSTR -1માં ૪ ડીજીટનો HSN કોડ લખવો ફરજીયાત છે. ૫ કરોડ સુધીના કરદાતા એ ૦૧/૧૧/૨૦૨૨થી GSTR-1માં પોર્ટલ પર ૪ ડીજીટ HSN કોડ ફરજીયાત લખવો છે. તો કોઈ કરદાતા OCT-2022, SEP-2022 કે તે પહેલાના કોઈ પણ પીરીયડનું રીટર્ન ફાઈલ કરે તો ૪ ડીજીટ HSN કોડ લખવો ફરજીયાત છે.

જાતે એન્ટ્રી કરીને HSN કોડ અથવા ડીસ્ક્રીપસન લખી શકીશું. જો HSN કોડ અથવા ડીસ્ક્રીપસન ખોટું હશે તો એલર્ટ મેસેજ આવશે. પરંતુ GSTR-1 ફાઈલ થય જશે.

**(લેખક થાનગઢ ખાતે ટેક્સેશન ઉપર પ્રેક્ટિસ કરે છે)**

# એ દિલ હૈ મુશ્કિલ...

By **કૌશલ પારેખ, દીવ**

હું સુખી સંપન્ન પરિવારની દીકરી છું અને એક દિવસ અમારા હસતાં રમતા પરિવારમાં અચાનક સંકટના વાદળો ઘેરાય વડે છે. મારી મોટી બહેનની તબિયત થોડા દિવસથી નરમ-ગરમ રહે છે. ઘરના તમામ સદસ્યોને સમજાતું નથી કે દવા અસર કેમ નથી કરતી. ફેમિલી ડોક્ટરની સલાહ મુજબ અમે તેને ખઉ ડોક્ટરની સલાહ લેવા લઈ જઈએ છીએ અને અચાનક ડોક્ટર દ્વારા એવું કહેવામા આવે છે કે બહેનની બંને કિડની ફેલ થઈ ગઈ છે. આ સાંભળતાજ ઘરનાં તમામ સદસ્યોના પગ નીચેથી ધરતી ખસી જાય છે. ત્યારબાદ ડાયાલીસીસની પ્રક્રિયા ચાલુ કરવામાં આવે છે. ડોક્ટરની સલાહ મુજબ જો કોઈ જગ્યાએથી કિડનીની વ્યવસ્થા થાય તો પેશન્ટને ડાયાલીસીસની કડાકૂટમાંથી છુટકારો આપી શકાય એમ છે. જો કિડની ઘરનો સદસ્ય જ ડોનેટ કરે તો તેનાથી ઉતમ બીજો કોઈ વિકલ્પ નથી. આ સાંભળી મારાથી તાત્કાલિક બોલાઈ ગયું કે સર, હું મારી બેનને કિડની આપવા તૈયાર છું. પેશન્ટ મારી મોટી બહેન છે અને હું તેમનાથી એક વર્ષ નાની છું. મે લગ્ન પણ નથી કર્યા અને હું જોબ કરું છું. મારા બ્લડના સેમ્પલ લેવામાં આવે છે અને થોડા દિવસના અંતે મને જણાવવામાં આવે છે કે હું મારી મોટી બહેનને કિડની આપવા યોગ્ય છું.

કહાનીનો કિસ્સો હજુ અહી ખતમ નથી થતો પણ સસ્પેન્સ મુવી જેમ ઈન્ટરવલ પત્યા પછી વળાંક લઈ છે તેઓ જ વળાંક મારા જીવનમાં પણ આવે છે. ઉતાવળે કરેલ નિર્ણય માટે મારા દિલમાં પસ્તાવો થવાનું શરૂ થાય છે. હું ખૂબ બેચેની અનુભવું છું અને ઓફિસ કે ઘરના કામોમાં મન પરોવતું નથી. રાત્રિના સૂતી વખતે અચાનક જ મારી નીંદર ઊડી જાય છે અને ખબર નહીં પણ કેમ મારૂ શરીર પરસેવે રેબઝેબ થઈ જાય છે. આખો દિવસ મારૂ મન ગભરાયેલ રહે છે. ઘણા દિવસથી મારૂ મન પસ્તાવાની ભાવનાથી પણ ઘેરાયા રાખે છે. મારૂ મન મને કિડની ડોનેટ ના કરતી નું સૂચન વારંવાર કરવા લાગ્યું છે. અજીબની આ ગડમથલ છે કે એક બાજુ મને મારી બહેન ને આવી પડેલ બીમારી માંથી બહાર કાઢવી છે, તો બીજી બાજુ મને કિડની આપવા ના ચક્કરમાં મારા શરીરને તો કોઈ પ્રકારની તકલીફો તો નહીં વેઠવી પડે ને? ના વિચારો આવે છે. ક્યાંક ઓપરેશન બાદ મને તો કોઈ પ્રકારની ખોડ-ખાંપણ રહી ગઈ તો? અરે મને તો ક્યાક ઓપરેશન બાદ દવાઓ જીવનભર તો નહીં લેવી પડે ને કે ક્યાંક હરવા ફરવા કે ખાવા-પીવા માં મને જીવનભર બાધા રાખવી પડી તો મારૂ શું થશે? મેં તો હજુ લગ્ન પણ નથી કર્યા તો મારી તકલીફોમાં મારૂ કોણ ધ્યાન રાખશે? હું જે હાલ અનુભવી રહી છું એનું ડોક્ટરી તપાસમાં એવું જાણવા મળ્યું કે હું એનકઝાઈટીનો ભોગ બની છું.




ડોક્ટર દ્વારા મને અમુક દવાઓ લેવાની સાથે કાઉન્સિલિંગ કરવા માટે નું સુચન કરવામાં આવ્યું. થોડા દિવસોમાં મને ફેર જોવા મળ્યો પરંતુ હું પૂર્ણ સ્વરૂપે આ માનસિક અવસ્થા માંથી બહાર આવી સકતી ના હતી. કોઈ મહેમાન ઘરે આવે તો મારા ચહેરા ઉપર જોઈ મને ટેન્શન ના લેતી એવું જણાવતા. એકવાર મને મારા બરોડા રહેતા સંબંધી પાસેથી એક કોન્ટેક્ટ નંબર મળ્યો અને મને એવું કહ્યુ હતું કે આ વ્યક્તિએ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવેલ છે તો તને યોગ્ય સલાહ તેમની પાસેથી મળશે. એકવાર સાંજના સમયે મે તેઓના અનુકૂળ સમયે કોલ કર્યો અને મારી પરિસ્થિતી જણાવી. હું મારી જાતથી ખૂબ ગિલ્ટી ફિલ કરું છું. મારે હવે કિડની ડોનેટ કરવી જોઈએ કે નહીં એ વિષે તેમનો અભિપ્રાય પૂછ્યો. જેમની સાથે મેં વાત કરી એમનું નામ હતું કૌશલ પારેખ કે જેઓ દીવ ના વતની છે.

મિત્રો, ઉપરની વાત સવિસ્તરથી આપને જણાવવાનો મારો હેતુ એ છે કે આ સત્ય ઘટના છે અને કોઈના પણ જીવનમાં ક્યારેય આવી ગંભીર પરિસ્થિતીનું નિર્માણ થાય તો તેનો તેઓ હિમ્મતપૂર્વક સામનો કરી શકે એ માટે આજે અમારી બંન્ને વચ્ચે થયેલ વાતને આપ સમક્ષ રજૂ કરી અને મે શું અનુભવ્યું અને અમે કઈ રીતે આવી અણધારી મુસીબત માથી બહાર આવ્યા તેનો અભિપ્રાય નીચે મુજબ છે.

મારા જીવનમાં જ્યારે કિડની ફેઈલિયરની સ્થિતિ આવી હતી ત્યારે હું પણ ખૂબ હતાશ થઈ ગયો હતો. આ એક ઘટનાથી મારા ઘરમાં આનંદને બદલે ઘોર નિરાશા ફેલાઇ ગઈ હતી. અઠવાડીયામાં ત્રણ વાર ઉના સુધી ડાયાલીસીસ કરવા જવામાં પડતી મુશ્કેલીઓ અને ડાયાલીસીસ દરમિયાન શરીરને વેઠવી પડતી અનેક વેદનાઓએ મારા જીવનમાં પણ ઘાતક અસર કરી હતી. એ સમયે મારી ઈન્કમ પણ ખૂબ ઓછી હતી અને દવાઓ અને અન્ય ખર્ચાઓ મારા જેવા મિડલક્લાસ ફેમેલી માટે ઉઠાવવા ખૂબ મુશ્કેલ હતું. આખો પરિવાર મારી કમાણી ઉપર નિર્ભર હતો તેથી આ પરિસ્થિતીમાંથી જલ્દી બહાર આવી જવું પણ ખૂબ જરૂરી હતું. જ્યારે ટ્રાન્સપ્લાન્ટ કરવાની વાત આવી ત્યારે કિડની કોણ આપશે એ પણ એક સમસ્યા હતી. વાતે વાતે આપણને કઈપણ જરૂર હોય તો કેજે કહેવાવાળાઓ પણ આવા સમયે આપણાંથી દૂર ભાગે છે. આવા સમયે ધન્ય છે મારી માતાને કે જેણે ભારે મન સાથે મને કિડની આપવા માટેની હા પાડી. આ સમયે તેમની ઉમર ૬૮ વર્ષની હતી. તેમના મનમાં પણ અનેક મુંઝવણો હતી અને તેમના માટે પણ આ માટે તૈયાર થવું ખુબજ જટિલ હતું પણ ડોક્ટર દ્વારા એમને સરસ માર્ગદર્શન મળવાથી જલ્દી અમારું ઓપરેશન સફળ રીતે થઈ ગયું હતું. આજે મારે ઓપરેશનના ૫ વર્ષ થઈ ચૂક્યા છે અને હું અને મારી માતા બંને સ્વસ્થ છીએ અને જીવન ને ખૂબ સરસ રીતે માણીએ છીએ. શરૂઆતના સમયમાં મને ઘણી પરેજીઓ રાખવી પડી હતી જ્યારે મારી માતાને તો ઓપરેશન ના ૧૫ દિવસ બાદ કઈપણ ખાવા પીવાની છૂટ હતી. આજે આ મુશ્કેલ પરિસ્થિતીનો સામનો કર્યા બાદ મારો જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ સંપૂર્ણપણે બદલાઈ ગયો છે. હું જીવનની પળે પળનો આનંદ માણું છું. મારી માતા પણ એકદમ સ્વસ્થ છે અને હાલ તેને એક પણ દવાની ટીકડી લેવી નથી પડતી. હાલ હું મારૂ પોતાનું દર ત્રણ મહિને ચેકઅપ કરાવું છું. જે દવાઓ મારે લેવી પડે છે એ મોંઘી તો છે જ પરંતુ આ નવા મળેલ જન્મ સામે સાવ સસ્તી છે. આ કપરા સમયમાં મારા હૃદય સમાં મારા મિત્રો, મારી પત્ની એકતા, પુત્ર દેવ, મારા બહેન-બનેવી, મારા સસરા પક્ષના તમામ સભ્યો અને મારા કુટુંબીજનો અને પાડોશીઓએ પણ મને ખૂબ પ્રેમ અને સહકાર આપ્યો તે બદલ હું જીવનભર આપસૌનો ઋણી રહીશ.

આપણે સહુ આ સનાતન સત્યને જાણીએ છીએ કે આપણે સાથે કઈ નથી લાવ્યા અને કઈ નથી લઈ જવાના માટે એક વાક્ય મગજમાં ઉતારીલો કે આપણે આ ધરતી ઉપર ઈશ્વરે મોકલવેલ મહેમાનો છીએ માટે આપણે અહીં પરમેનન્ટ ધામો નથી નાખવાનો. બંગલો, ગાડી, સંપતિ, દાગીના કે રૂપાળું શરીર આ તમામ ચીજોને આપણે અહી મૂકીને જ જવાની છે જ્યારે નિસ્વાર્થ પ્રેમ, હાસ્ય, કરુણા અને સૂનહરી યાદોનું પોટલું જ આપણાં ભાથા રૂપે સાથે લઈ જવાનું છે ત્યારે આપણે વધુ વિચારવાને બદલે હું મારી જાતથી અન્ય લોકોને વધુને વધુ કેમ કામ આવી શકું એ વિચારવાનું શરૂ કરવું જોઈએ. એક સરસ લાઇન આ સંદર્ભે મને યાદ આવે છે The time to be Happy is now, and the day to be happy is here, and the way to be happy is to make someone happy and heaven little heaven like here અંગદાન એ મહાદાન છે. યોગ્ય સમયે અંગદાન કરવાથી આપ ઘણાના અંધકાર ભરેલ જીવન્માં પ્રકાશ ફેલાવી શકો છો. ઈશ્વરે આપણને આપેલ આ અમુલ્ય શરીરનું જતન કરો અને સમયસર રક્તદાન કરતા રહો જેથી આપણો આ મનુષ્ય જીવનનો ફેરો ફળે.

**લેખકનો સંપર્કઃ**

kaushalkpb@gmail.com અથવા મોબાઈલઃ ૯૬૨૪૭ ૯૭૪૨૨ ઉપર કરી શકાય છે.

**એડિટર નોંધઃ** સામાન્ય રીતે ટેક્સ ટુડેમાં ટેક્સને લગતા સમાચાર તથા લેખ પ્રસિદ્ધ થતાં હોય છે. પરંતુ ક્યારેક અમુક મહત્વના લેખ ટેક્સ સિવાયના પણ ''સમથિંગ અધર ધેન ટેક્સ'' વિભાગમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. કૌશલભાઈ સાથે ઘણા વર્ષોના અંગત સબંધ છે. તેઓની પોઝીટીવીટી અને જીવન જીવવાની જિંદાદિલી ખરેખર વખાણવા પાત્ર છે. આશા રાખું છું કે આ લેખ આપ વાંચકોને ગમશે.

# ફેસબુક-ટ્વીટર જેવા સોશિયલ મીડિયા ઉપર CA લખવું પડી શકે છે ભારી!!

## એજ્યુકેશનલ તથા પ્રોફેશનલ બાબતો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ ઉપર CA કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ લખવું યોગ્ય




તા. ૨૩.૧૦.૨૦૨૨ઃ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA)ના સર્વોપરી નિયામક સંસ્થા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા પોતાના સભ્યો માટે શોશિયલ મીડિયા એકાઉન્ટ બાબતે મહત્વની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. ૨૩ ઓક્ટોબર ૨૦૨૨ ના રોજ બહાર પાડવામાં આવેલ આ માર્ગદર્શિકા મુજબ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સભ્યો દ્વારા ફેસબુક, ટ્વિટર, ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા ઉપર પોતાના નામ આગળ CA કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એવો શબ્દ રાખવામા તકેદારી રાખવા જણાવવામાં આવ્યું છે. આ માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું છે કે વ્યક્તિગત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પેઢી દ્વારા સોશિયલ મીડિયા પર એકાઉન્ટ રાખવા બાબતે તથા તેમાં મૂકવામાં આવતી વિવિધ પોસ્ટ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત અંગેની માર્ગદર્શિકા ૨૦૦૮નું પાલન કરવાનું રહેશે. સભ્યો દ્વારા નીતિમતાના ધોરણો ધ્યાને રાખી શૈક્ષણિક વિડીયો અપલોડ કરી શકે છે. આ ઉપરાંત વિવિધ વિષયો ઉપર પોતાના જ્ઞાનનો ઉપયોગ કરી સમાજ ઉપયોગી ચર્ચામાં પોતાના વિચારો સોશિયલ મીડિયામાં રજૂ કરી શકશે. આ પ્રકારના ''કન્ટેન્ટ'' તથા પોસ્ટ રજૂ કરવામાં આવતા સોશિયલ મીડિયા એકાઉન્ટ ઉપર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે CA લગાડી શકશે. આ સિવાયના વિષયો ઉપર રજૂ કરવવામાં આવતા પોતાના અંગત વિચારો રજૂ કરતાં સોશિયલ મીડિયા એકાઉન્ટમાં CA કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શબ્દ લખવા બાબતે સભ્યોને તકેદારી રાખવા તથા વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવા તાકીદ કરવામાં આવી છે. ઈન્સ્ટીટ્યુટની આ માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું છે કે ICAI જેવી ઉચ્ચ માનાંક ધરાવતી સંસ્થાના સભ્ય તરીકે અપશબ્દો કે ખરાબ શબ્દો વાપરવા યોગ્ય નથી. સભ્યોના આવી પોસ્ટથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વ્યવસાયની છબી ખરાબ થાય છે તેવું આ માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે CA પ્રિફિક્સ વાપરી આવી કોમેન્ટ ના કરવા તાકીદ કરવામાં આવી છે. આવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઉપર વ્યાવસાયિક ગેરવર્તુણૂક બાબતે કાર્યવાહી થઈ શકે છે તેવું આ માર્ગદર્શિકામાં જાહેર કરવામાં આવ્યું છે. ટ્વિટર જેવા સોશિયલ મીડિયા ઉપર અમુક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરવામાં આવતી પોસ્ટ તથા અમુક ચર્ચાસ્પદ ટ્વિટને રીટ્વિટ બાબતે ઈન્સ્ટીટ્યુટ નારાજ હોય તેવી ચર્ચાઓએ જોર પકડ્યું હતું. આવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને આ માર્ગદર્શિકા દ્વારા તાકીદ કરવામાં આવેલ છે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે. આ માર્ગદર્શિકા બાદ ઘણા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાંથી CA શબ્દ દૂર કરશે તેવું પણ માનવામાં આવી રહ્યું છે.

**ભવ્ય પોપટ એડિટર.**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.)

# Demo by Namo.. Successful or Failure 6....

**તા. ૦૮.૧૧.૨૦૨૨**

ભાઈઓ તથા બહેનો.... ૦૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ રાત્રિના ૮ કલાકે જ્યારે પ્રધાનમંત્રી મોદીએ ડિમોનેટાઈઝેશન/નોટબંધીની જાહેરાત કરી અને ભારત અને ભારતીયોના જીવનમાં અભૂતપૂર્વ પરીવર્તન આવી ગયું. આજે આ નોટબંધીની જાહેરાતને પાંચ વર્ષનો સમય વીતી ગયો છે. આજે પણ આ પ્રશ્ન સામાન્ય રીતે લોકોમાં ચર્ચાનો વિષય બની જતો હોય છે કે શું હતો આ નોટબંધીનો હેતુ?? શું આ હેતુ નોટબંધીના છ વર્ષ બાદ પૂર્ણ થયો છે?? શું છે પરિસ્થિતી જમીનીસ્તરે છ વર્ષ પછી?? નોટબંધી સફળ છે નિષ્ફળ તે બાબતે અવારનવાર ચર્ચાઓ થતી રહે છે. આજે આ લેખમાં નોટબંધીની અંગેની સફળતા-નિષ્ફળતા બાબતેના મારા અંગત મંતવ્ય આપવામાં આવ્યો છે.

### નોટબંધીના ઉદ્દેશ:

નોટબંધી લાગુ કરવા પાછળનો સૌથી મોટો ઉદેશ અર્થતંત્રમાં રહેલું કાળું નાણું ઓછું કરવા તથા કળાનાણાં વડે ચાલતા સમાંતર અર્થતંત્રને નાબૂદ કરવાનો અને ટેક્સ કલેક્શન વધારવાનો હતો. આ ઉપરાંત દેશમાં રહેલા નકલી નોટોના કારોબારને નષ્ટ-નાબૂદ કરવા, આતંકવાદી પ્રવૃતિઓમાં વપરાતા નાણાંને રોકવા, દેશમાં ડિજિટલ કેશલેસ ઈકોનોમીને વધારવાના ઉદેશ સાથે નોટબંધી લાગુ કરવામાં આવી હતી.

### શું નોટબંધીનો ઉદેશ પૂરા થયા?

નોટબંધીના છ વર્ષ બાદ આજે આ વિષય ઉપર ચર્ચતો સૌથી મહત્વનો પ્રશ્ન હોય તો તે આ પ્રશ્ન છે. શું છ વર્ષ બાદ લાગે છે કે નોટબંધીના ઉદેશ પૂરા થયા છે??? આવો આ વિષય ઉપર એક અંદાજ મેળવવા પ્રયાસ કરીએ.

### કાળુંનાણું રોકવામાં જોઈએ તેવી સફળતા મળી નહીં:

સરકાર દ્વારા જ્યારે નોટબંધીની જાહેરાત કરવામાં આવી હતી ત્યારે એવું આંકલન કરવામાં આવ્યું હતું કે નોટબંધીમાં મોટા પ્રમાણમા ૫૦૦ અને ૧૦૦૦ ની નોટમાં કાળુંનાણું ધરાવનાર વ્યક્તિ પોતાનું કાળુંનાણું બેન્કમાં જમા નહીં કરાવે. આમ, નોટબંધી બાદ કળા નાણાંનું ચલણ નહીં રહે અને દેશના અર્થતંત્ર ઉપર આ કાળાનાણાંનો બોજ ઓછો થશે. ૨૦૧૮ ની સાલમાં રિસર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ના અહેવાલ મુજબ ચલણમાં હોય તેવી ૫૦૦ તથા ૧૦૦૦ ની ૯૯.૩% નોટો બેન્કમાં જમા કરાવવામાં આવી હતી. આમ, માત્ર ૦.૭% નોટ જ જમા કરવવામાં આવી ના હતી. કુલ ૧૫.૪૧ લાખ કરોડની રકમની નોટ ડિમોનેટાઇઝ કરવામાં આવેલ હોય, જે પૈકી ૧૫.૩૦ લાખ કરોડ નોટો બેન્કમાં જમા કરવી આપવામાં આવી હતી. માત્ર ૧૦૭૨૦ કરોડના મૂલ્યની ડીમોનેટાઇઝ નોટો જ જમા ના થઈ શકી હતી. નિષ્ણાંતો મને છે કે આ જમા ના થયેલી નોટો પૈકી તમામ રકમ કળાનાણાંની છે તે માનવું ભૂલ ભરેલું છે. ઘણા એવા કિસ્સા છે કે વ્યાવહારિક મુશ્કેલીઓના કારણે લોકો પોતાની મહેનતની કમાણી તથા બચત બેન્કમાં જમા કરવી શક્યા નથી. નોટબંધીનો સૌથી મહત્વનો આ હેતુ મહદ્દઅંશે સફળ થયો નથી તેમ ગણી શકાય.

### ટેક્સ કલેક્શનમાં વધારો:

ઈન્કમ ટેક્સ કલેક્શનમાં તથા ઈન્કમ ટેક્સ રિટર્ન ભરનારાની સંખ્યામાં નોટબંધી બાદ વધારો થયો છે તે ચોક્કસ છે. રિટર્ન ભરનારા વર્ગ સાથે ટેક્સ ભરનાર વર્ગમાં પણ ખાસ્સો વધારો જોવા મળ્યો હતો. ટેક્સમાં થયેલ આ વધારો નોટબંધી પહેલા બહાર પાડવામાં આવેલ ઈન્કમ ડિસક્લોઝર સ્કીમને પણ આભારી હતો. નોટબંધી બાદ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ઓપરેશન ક્લીન મની શરૂ કરવામાં આવ્યું હતું. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ૨.૫ લાખથી વધુની રકમ બેન્કમાં જમા કરાવનાર લોકોને આ જમા રકમ બાબતના સ્ત્રોત અંગે પૂછપરછ કરવામાં આવી હતી. આ જમા રકમ બાબતે અનેક કરદાતાઓ પર તપાસ હાથ ધરવામાં આવી હતી. ટેક્સ ફિલ્ડ સાથે જોડાયેલ વ્યક્તિ તરીકે એક બાબતની નોંધ ચોક્કસ લેવી પડે કે નોટબંધી બાદ લોકોની માનસિકતામાં પરીવર્તન જરૂર આવ્યું છે. લોકો યોગ્ય ટેક્સ ભરવા અંગે સભાન બન્યા છે અને એવું માનતા થયા છે કે મોદીસાહેબની કામ કરવાની પદ્ધતિ જોતાં હવે જો યોગ્ય ટેક્સ નહીં ભરવામાં આવે તો આગળ જતાં વધુ મુશ્કેલી ભોગવવી પડી શકે છે. આમ, અંગત રીતે હું ચોક્કસ એવું માનું છું કે નોટબંધીના કારણે ટેક્સ ભરવાં અંગેની માનસિકતામાં પરીવર્તન આવ્યું છે.



### નકલી ચલણી નોટોનું દૂષણ:

નોટબંધીના કારણે શરૂઆતમાં ૫૦૦ અને ૧૦૦૦ ની ડિમોનેટાઇઝ નોટોના નકલી ચલણી નોટોના નેટવર્કને ચોક્કસ મોટો ફટકો પડ્યો હશે તે બાબતે બેમત નથી. આ પ્રકારના કળા કારોબાર સાથે જોડાયેલ વ્યક્તિની ઊંઘ હરામ કરનારા આ નિર્ણયથી ટૂંકાગાળામાં નકલી નોટોનું ચલણ ચોક્કસ ઘટ્યું હતું. પરંતુ વિવિધ અહેવાલો મુજબ ધીરે ધીરે ૫૦૦ ની નવી નોટો તથા ૨૦૦૦ ની નોટોની પણ નકલી નોટો બજારમાં ફરવા માંડી છે. હા, આ કળા કારોબાર સાથે સંકળાયેલ લોકોને ઝટકો આપી નોટબંધીના આ નિર્ણયે તેઓને મુશ્કેલ સ્થિતિમાં મૂકી આપ્યા હશે તથા તેઓની માનસિકતાને નુકશાન થયું હશે તે બાબતે કોઈ શંકાના સ્થાન નથી. નકલી ચલણી નોટો બાબતે નોટબંધી ટૂંકા ગાળા માટે ચોક્કસ સફળ ગણાય પરંતુ લાંબાગાળામાં આ દૂષણને રોકી શકવામાં સફળતા મળી નથી તેવું મનાઈ રહ્યું છે.

### આતંકવાદી પ્રવૃતિ ઉપર અસર:

નોટબંધી લાગુ કરવાનો એક ગર્ભિત હેતુ આતંકવાદી પ્રવૃતિમાં વપરાતા કળાનાણાંનો ઉપયોગ રોકવાનો પણ હતો. કશ્મીર વિસ્તારમાં રોજ બરોજ થતાં પત્થરમારા, છૂટા છવાયા પરંતુ નિરંતર થતાં આતંકવાદી છમકલા તે આર્થિક પીઠબળ દ્વારા થતાં હોવાના સરકાર પાસે અહેવાલો હતા. આ આતંકવાદી પ્રવૃતિને રોકવા આ નોટબંધી ઉપયોગી બનશે તેવી સરકારની માન્યતા હતી. વિવિધ અહેવાલો મુજબ નોટબંધી બાદથી કશ્મીરમાં રોજ થતાં પત્થરમારાની સમસ્યા મહદ્દઅંશે બંધ થઈ ગઈ હતી. આતંકવાદી પ્રવૃતિઓ માટે મળી રહેલા કાળાનાણાં ઉપર રોક લાગી જતાં આ પ્રવૃતિઓ આર્થિક પ્રલોભન વડે ચલાવવી મુશ્કિલ બની ગઈ હતી. આર્થિક સંકળામણને કારણે આતંકવાદી પ્રવૃતિઓ અટકાવવામાં સારી સફળતા મળી છે તેવા અહેવાલો છે અને નોટબંધી દરમ્યાન આતંકવાદીઓ (નક્સલીઓ સહિત) નો પ્રત્યાર્પણનો દર સૌથી ઊચો રહ્યો હોવાના અહેવાલો છે. આમ, આતંકવાદી પ્રવૃતિઓને ઓછી કરવામાં નોટબંધી સફળ રહી છે તેવું કહી શકાય.

### કેશ-લેસ ઈકોનોમી વધારવા ઉપર અસર:

નોટબંધી બાદ ડિજિટલ પેમેન્ટ ખાસ્સું એવું લોકપ્રિય બની રહ્યું છે. ડિજિટલ પેમેન્ટ વધારવાને નોટબંધીનો એક મહત્વનો હેતુ ગણવામાં આવે છે. નોટબંધી દરમ્યાન એટલે કે નવેમ્બર તથા ડિસેમ્બર ૨૦૧૬માં રોકડની તકલીફોને કારણે ડિજિટલ પેમેન્ટમાં ખૂબ મોટો ઉછાળો જોવા મળ્યો હતો. ૨૦૧૮ સુધીમાં ડિજિટલ પેમેન્ટમાં ૨૦૧૬ સાપેક્ષમાં બમણો વધારો જોવા મળ્યો હતો. જો કે ધીરે ધીરે રોકડ તરલતા વધતાં ડિજિટલ પેમેન્ટના આ વધારાની રફતારમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ એક બાબત ચોક્કસ છે આજે ભારતના લોકોએ ખાસ કરીને યુવા વર્ગે ડિજિટલ પેમેન્ટને સંપૂર્ણ રીતે સ્વીકારી લીધું છે. આજે, ડિજિટલ પેમેન્ટ (UPI), ક્રેડિટ કાર્ડ દ્વારા લોકો ચાની લારીથી માંડી મોબાઈલની ખરીદી માટે ચુકવણી કરી રહ્યા છે. છેલ્લા ૩ મહિનામાં ભારતના ઉત્તર-દક્ષિણ તથા પૂર્વ-પશ્ચિમ એમ તમામ દિશાઓમાં ફરવાનો મોકો મળ્યો છે. આ પ્રવાસ દરમ્યાન એક બાબતની ચોક્કસ નોંધ લીધી છે કે દિલ્હી હોય કે ચેન્નઈ, કોલકત્તા હોય કે અમદાવાદ ડિજિટલ પેમેન્ટમાં આજે ખાસ્સો એવો વધારો થયો છે. નોટબંધીને આ બાબતનું સંપૂર્ણ શ્રેયના આપવામાં આવે તો પણ નોટબંધીને આ બાબતે પ્રથમ પગલું તો માનવું જ રહ્યું. આમ, કહી શકાય કે ડિજિટલ પેમેન્ટ વધારવામાં નોટબંધી મહદ્દઅંશે સફળ રહી ગણાય.

### નોટબંધી દરમ્યાન લોકો દ્વારા વેઠવામાં આવી અનેક મુશ્કેલીઓ:

નોટબંધીની જાહેરાત થતાં લોકો દ્વારા અનેક હાડમારીઓ ભોગવવાની સ્થિતિ ઊભી થઈ હતી. સામાન્ય લોકો માટે પોતાની બચતની પૂંજી બેન્કમાં જમા કરાવવાની મુશ્કેલી હતી તો બીજી તરફ પોતાના રોજ બરોજના વ્યવહારો ચલાવવા નવી નોટો મેળવવા બેન્કમાં લાંબી કતારોમાં ઊભા રહેવાની સમસ્યા હતી. ખૂબ મોટા પ્રમાણમા ચાલતી અર્થવ્યવસ્થામાં જ્યારે અંદાજે ૮૦%થી વધુ ચલણી નાણું રોકી આપવામાં આવ્યું હોય ત્યારે જલ બિન મછલી જેવી જ સ્થિતિ ઉપસ્થિત થાય તે સ્વાભાવિક છે. સંસદમાં વિપક્ષ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો મુજબ નોટબંધીના કારણે ૧૦૦ થી વધુ લોકોના મોત નિપજ્યાં હતા. જોકે સરકાર દ્વારા આધિકારિક રીતે ચાર લોકોના મૃત્યુ થયા હોવાની પુષ્ટિ કરવામાં આવી હતી જે પૈકી ૩ બેન્ક કર્મચારીઓ હતા અને ૧ ગ્રાહક હતો તેવી વિગતો બહાર પાડવામાં આવી છે.

આજે છ વર્ષ પછી પણ નોટબંધી દરમ્યાન જમા કરાવેલ રકમના સ્ત્રોત બાબતની તપાસ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા હાલ ફેર આકારણી કે અપીલ તબક્કે હાથ ધરવામાં આવી રહી છે. જે કેસોમાં મોટી રકમ જમા કરાવવાના કારણે મોટો ઈન્કમ ટેક્સ ભરવાની જવાબદારી ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ઊભી કરવામાં આવી છે તે માટેની આપીલો વર્ષો સુધી ચાલુ રહેશે. જમીની સ્તરે ટેક્સ અંગેના કેસો સાથે જોડાયેલો હોવાના કારણે એવું ચોક્કસ માનું છું કે નોટબંધીમાં જે કરદાતાઓ વિરુદ્ધ મોટી માંગણાની રકમ ઊભી થઈ છે તેમાથી મોટાભાગની ખોટી અને ટેકનિકલ કારણોસર ઊભી થયેલ છે. આ ઉપરાંત કરદાતાઓને પોતે જમા કરાવેલ રકમ સાબિત કરવા જે મુશ્કેલી થઈ છે તેના અમે ટેક્સ પ્રોફેશનલ્સ મૂક સાક્ષી છીએ. કોઈ કરદાતા પોતાની જમા રકમ સાબિત કરવામાં ટેકનિકલ કારણોસર નિષ્ફળ જાઇ તો પણ ૭૭% જેવો ટેક્સ લાદવામાં આવે છે. ટેક્સનો આ દર ખૂબ વધુ, અવ્યવહારિક અને બિનતાર્કિક ગણી શકાય. અવ્યવહારિક્તાની હદ તો ત્યારે ગણાય જ્યારે નોટબંધીના છ વર્ષ પછી પણ આ ટેક્સનો આ ખાસ દર જાળવી રાખવામા આવ્યો છે. નોટબંધીણે આજે છ વર્ષ થઈ ગયા છે આમ છતાં ૭૭% જેવા આ ખાસ દરે આજે પણ ઘણા કિસ્સાઓમાં કરદાતાને ટેક્સ ભરવાં જવાબદાર ઠેરવવામાં આવી રહ્યા છે. આ દરમાં સુધારો કરવો ખૂબ જરૂરી છે. જો આ ઊંચા દરો દૂર કરવામાં નહીં આવે તો ટેરેરીઝમ તો દૂર થતાં થશે પરંતુ ટેક્સ ટેરેરીઝમ ચોક્કસ ઘર કરી જશે. મારા અંગત મત પ્રમાણે નોટબંધીનો વિચાર એ ખૂબ જરૂરી અને મહત્વનો નિર્ણય હતો. વડાપ્રધાન મોદીની નીડર વ્યક્તિત્વનો એમાં પ્રભાવ દેખાઈ આવે છે. આ પ્રકારના અલગ તથા સખત નિર્ણયથી તકલીફ તમામને થાય છે પણ લાંબાગાળાના હિત મતે આ પ્રકારના આકરા નિર્ણયો ઉપયોગી થતાં હોય છે. ભારતને Cashless Economy બનાવવી શક્ય નથી પણ Less Cash Economy ચોક્કસ બનાવી શકાય છે.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૦૭.૧૧.૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# જી.એસ.ટી. કાયદા હેઠળ વેચનાર વેપારી વેરો ના ભરે તો ખરીદનાર બને વેરો ભરવા જવાબદાર!!! આ તે ક્યાંનો ન્યાય???



By Bhavya Popat



તા. ૦૧.૧૧.૨૦૨૨: જી.એસ.ટી. કાયદો ૦૧ જુલાઇ ૨૦૧૭ થી લાગુ કરવામાં આવ્યો. નિષ્ણાંતો માને છે કે અમુક કાયદાકીય મુશ્કેલીના કારણે આ કાયદો પૂર્ણ તૈયારી કર્યા વગર લાગુ કરી દેવામાં આવ્યો હતો. આ આ કાયદો લાગુ થયો છે ત્યારથી તેમાં અસંખ્ય ફેરફારો કરવામાં આવ્યા છે. આ ફેરફારો અંગેના અસંખ્ય જાહેરનામા તથા પરીપત્રો માત્ર પાંચ વર્ષના ટૂંકા ગાળામાં સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યા છે. આ કાયદાની ઘણી જોગવાઇઓ ઉપર વેપાર જગત ખાસ કરીને ટેક્સ પ્રોફેશનલ્સ અસંતુષ્ટ રહ્યા છે. આ કાયદાની જો સૌથી ખરાબ જોગવાઈ જેને માની શકાય તે છે વેચનારની ચૂકના કારણે ખરીદનારને જવાબદાર ઠેરવવાની જોગવાઈ.

### શું છે આ જોગવાઈ?

જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬માં ખરીદનારને પોતની ખરીદી ઉપર ચૂકવવામાં આવેલ જી.એસ.ટી.ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્યાં સંજોગોમાં મળી શકે તે અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઇઓની કલમ 16(2)(c) મુજબ ખરીદનારને પોતાના ખરીદી ઉપર ચૂકવવામાં આવેલ જી.એસ.ટી.ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તો જ મળી શકે જો ખરીદનાર દ્વારા વેચનાર વેપારીને આપવામાં આવેલ વેરો વેચનારે સરકારમાં જમા કરવી આપેલ હોય.

આ ઉપરાંત ૦૧ જાન્યુઆરી ૨૦૨૨થી જી.એસ.ટી. કાયદામાં લાગુ કરવામાં આવેલ મહત્વના ફેરફાર મુજબ વેચનાર વેપારીએ દ્વારા જ્યારે અને જો ખરીદનારને થયેલ વેચાણ ખરીદનારના 2Bમાં દર્શાવવામાં આવેલ હોય ત્યારે જ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે. આમ, ખરીદનાર વેપારી દ્વારા વેચનારને જી.એસ.ટી. ચૂકવેલ હોવા છતાં જો વેચનાર દ્વારા પોતાના વેચાણ અંગેના રિટર્ન GSTR-1માં આ વેચાણ દર્શાવવામાં ચૂક થયેલ હોય તો પણ ખરીદનારને ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં.

### પાડાના વાંકે પખાલીને ડામ આપવાની આ નીતિના કારણે થઈ રહ્યા છે અનેક વેપારીઓ પરેશાન

વેચનારને જ્યારે ખરીદનાર દ્વારા યોગ્ય ટેક્સની ચુકવણી વેચનારને કરી આપવામાં આવી હોય અને વેચનાર કોઈપણ કારણોસર તે ટેક્સની ભરપાઈ સરકારી તિજોરીમાં ના કરે ત્યારે ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ નામંજૂર કરવી તે કઈ રીતે વ્યાજબી કહેવાય?? વેપાર વિશ્વ આજે જે ફલક ઉપર કામ કરી રહ્યું છે તેમાં ઘણીવાર (મોટા ભાગે એમ પણ કહી શકાય) ખરીદનાર જે વેપારી પાસેથી માલ ખરીદે છે તેના વિશે કોઈ વિશેષ માહિતી ધરાવતા હોય તે જરૂરી નથી. ખરીનાર વેપારી માટે યોગ્ય માલ યોગ્ય ભાવ પર મળે તે વધુ મહત્વનું છે. વેચનાર વેપારી જ્યારે જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો ધરાવે છે ત્યારે ખરીદનાર તેના વિશે વધુ ચકાસણી કરે તેવી આશા રાખવી વધુ પડતી ગણી શકાય. વેચનાર વેપારીને જી.એસ.ટી. નંબર સરકાર દ્વારા આપવામાં આવ્યો હોય છે. તેના વિશે ચકાસણી કે ખરાઈ કરવાની જવાબદારી તથા ફરજ પણ જી.એસ.ટી. ડિપાર્ટમેંટની હોવી જોઈએ નહીં કે ખરીદનાર વેપારીની!!

ઘણી વાર એવી પરિસ્થિતી પણ ઊભી થતી હોય છે વેચનાર દ્વારા વેરાની યોગ્ય ચુકવણી પણ કરી આપવામાં આવી હોય પરંતુ માત્ર પોતાના વેચાણ અંગેના રિટર્ન GSTR-1માં દર્શાવવામાં ચૂક થયેલ હોય તો પણ ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ નામંજૂર થઈ શકે છે. આ જોગવાઈ કુદરતી ન્યાયના સિદ્ધાંતોની વિરુદ્ધ ગણી શકાય.

### સાથે મળી કરચોરી આંચરતા ખરીદનાર-વેચનાર માટેની જોગવાઈ બની રહી છે પ્રમાણિક વેપારી માટે મુશ્કેલીનું કારણ:

જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી કરચોરી એ સરકાર માટે સરદર્દ સમાન બની ગઈ છે. જે તે રાજ્ય કક્ષાએ વેટ કાયદા અમલમાં હતા ત્યારે પણ કરચોરી થતી હતી તેમાં કોઈ બે મત નથી પરંતુ જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી આ કરચોરીના પ્રમાણમા ખૂબ મોટા પ્રમાણમાં વધારો થયો છે તેવી માહિતી સતત સમાચાર મધ્યમોમાં વાંચવા સાંભળવા મળી રહી છે. આ કરચોરી વધવાનું કારણ કાયદા-નિયમોમાં રહેલી તૃટીઓ પણ હોય શકે છે તથા જી.એસ.ટી. સંચાલનની સિસ્ટમ પણ હોય શકે છે. સામાન્ય રીતે કરચોરી આચારનાર વેપારીઓ સાંકળ બનાવી કરચોરીના કૌભાંડ આચારતા હોય છે. આ સાંકળમાં વેચનાર ખરીદનારને માલ વેચાણ કરે ખરીદનાર આ માલ પરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લઈ લે પરંતુ વેચનાર વેપારી પોતે ખરીદનાર પાસેથી ઉઘરવેલ ટેક્સ સરકારને ના ચૂંકવે તેવી મોડસ ઓપરેનડી કરી કૌભાંડ આચારતા હોય છે. આ પ્રકારે કરચોરી માટે સાંકળ બનાવી કૌભાંડ કરતાં વેપારીઓ ઉપર કડક કાર્યવાહી થાય તે અંગે કોઈ બે મત નથી. પરંતુ આ પ્રકારના કૌભાંડીયા વેપારી માટે બનાવવામાં આવેલ નિયમ જો પ્રમાણિક વેપારી ઉપર લાગુ કરવામાં આવે તો ચોક્કસ અન્યાય ગણાય અને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ માટે અવરોધકર્તા ગણાય.

### કાયદામાં શું ફેરફારો કરવા છે જરૂરી???

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ ને પોતાના રણનીતિનો એક ખાસ ભાગ બનાવ્યો છે. ગુજરાતના મુખ્ય મંત્રી તરીકે ના કાર્યકાળની વાત કરીએ કે પ્રધાનમંત્રીએ તરીકે ના તેમના કાર્યકાળની, તેઓની ગણના એક બિઝનેસ ફ્રેંડલી નેતા તરીકે થાય છે. જી.એસ.ટી. એ બિઝનેસ માટે સૌથી મહત્વનું પરિબળ ગણી શકાય. કરચોરી રોકવી ચોક્કસ જરૂરી છે પણ આવા અતાર્કિક નિયમોના કારણે જી.એસ.ટી. નહીં પરંતુ ધંધા-રોજગાર ઉપર રોક લાગી રહી હોવાના અનેક દાખલા સામે આવી રહ્યા છે. આ મુશ્કેલી નિવારવા આ નિયમને સમતુલિત કરવો જરૂરી છે. આ નિયમમાં માત્ર એટલો ફેરફાર કરવો જરૂરી છે કે આ પ્રકારે વેચનાર જ્યારે ટેક્સ ભરવામાં ચૂંક કરે ત્યારે ખરીદનાર વેપારીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ માત્ર તો જ નામંજૂર થઈ શકે જો જી.એસ.ટી. ડિપાર્ટમેંટને કરચોરીના કિસ્સામાં ખરીદનારની સામેલ હોવાના પૂરતા કે પ્રાથમિક પુરાવા મળ્યા હોય. આમ, આ નિયમમાં આ પ્રમાણે ફેરફાર થાય તો કરચોરોને પકડવા આ નિયમ ઉપયોગી રહેશે જ પરંતુ પ્રમાણિક વેપારીઓ ઉપર નાહકનો વેરા બોજ પણ નહીં વધે.

### શેખચીલ્લીના વિચારો ઉપરથી પાછા ફરીએ જમીની સ્તરે!!

ઉપર જેમ જણાવેલ છે તેમ વેપાર જગતના હિતમાં કાયદામાં સુધારો કરવો જરૂરી છે. પરંતુ હાલ જે પ્રમાણે કાયદામાં સુધારાઓ થઈ રહ્યા છે તે જોતાં ઉપર સૂચવવામાં આવેલ સુધારો થવો કે તે અંગે વિચાર પણ કરવો શેખચિલ્લીનો વિચાર ગણી શકાય. જમીની સ્તરે વેપારીઓ માટે આ પ્રકારની મુશ્કેલી ના આવે તેનાથી બચવા શું કરવું જરૂરી છે તે અંગે વાત કરીએ. હાલ જરૂરી છે કે પોતાનો વેચનાર પોતાના જી.એસ.ટી.આર. ૧ માં એટ્લે કે વેચાણ અંગેના રજીસ્ટરમાં ખરીદનારની ખરીદી દર્શાવે તે ચકાસણી કરી ત્યાર બાદ જ ખરીદનાર દ્વારા વેચનારને ટેક્સની ચુકવણી કરવામાં આવે તે જરૂરી છે. આ સિવાય હાલની તકે કોઈ અન્ય વિકલ્પ ખરીદનાર પાસે રહેલ નથી.

વેચનાર દ્વારા વેરો ભરવામાં થયેલ ચૂકના કારણે કે પોતાના રિટર્ન ભરવામાં થયેલ ચૂક ના કારણે ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ નામંજૂર કરવાની પદ્ધતિ સંપૂર્ણ પણે અતાર્કિક અને કુદરતી ન્યાયના સિદ્ધત વિરુદ્ધ ગણી શકાય. આ મુદ્દાઓ ઉપર વિવિધ હાઇકોર્ટમાં કેસ પણ ચાલી રહ્યા હોવાની માહિતી મળી રહી છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા.૩૧ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# કરદાતા માટે ઈન્કમટેક્સ રિટર્ન બની શકે છે સરળ!! નવું કોમન ઈન્કમટેક્સ રિટર્ન પાડવામાં આવ્યું બહાર

## ઈન્કમ ટેક્સ હેઠળ ITR 7 સિવાયના રિટર્ન થશે મર્જ

તા. ૦૨.૧૧.૨૦૨૨: ઈન્કમ ટેક્સ હેઠળ વિવિધ આવક ધરાવતા કરદાતાઓ માટે અલગ અલગ રિટર્ન ભરવાપાત્ર થાય છે. આ તમામ રિટર્નના સ્થાને હવે એક કોમન રિટર્ન બહાર પાડવામાં આવ્યા છે. ITR 7 સિવાયના તમામ ઈન્કમ ટેક્સ રિટર્ન મર્જ કરી આપવાનો પ્રસ્તાવ બહાર પાડવામાં આવ્યો છે. આ અંગેનો નવા રિટર્નનો ડ્રાફ્ટ ૦૧ નવેમ્બરના રોજ બહાર પાડવામાં આવ્યો છે. આ અંગે એક પ્રેસ રીલીઝ બહાર પાડવામાં આવી છે જેમાં જણાવવામાં આવ્યું છે કે હાલમાં લાગુ ITR 1 થી ITR 4ના રિટર્ન કરદાતાઓ માટે ચાલુ જ રહેશે. પરંતુ આ ઉપરાંત કરદાતાઓને એક કોમન રિટર્નનો વિકલ્પ આપવામાં આવશે. આ કોમન રિટર્નમાં કરદાતાને વિવિધ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. આ જવાબ આપવાથી કરદાતાની આવકને લાગુ કોલમો જ ખુલશે, જે કોલમો જ માત્ર કરદાતાઓએ ભરવાની રહેશે. આ નવા રિટર્ન અંગે વિવિધ કરદાતાઓ, સંસ્થાઓને પોતાના અભિપ્રાય તથા સૂચનો ૧૫ ડિસેમ્બર સુધીમાં dirtpl1@nic.in પર ઈમેઈલ કરવા જણાવવામાં આવ્યું છે. નિષ્ણાતો માની રહ્યા છે કે આ કોમન રિટર્ન કરતાં ITR 1 થી ITR 4 લાગુ પડતું હોય તેવા કરદાતાઓ ITR 1 થી 4 નો વિકલ્પ જ વધુ પસંદ કરશે. આ નવું રિટર્ન આગામી વર્ષથી લાગુ કરવામાં આવે તેવી શક્યતાઓ જણાઈ રહી છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે.**

# હવે નાના વેપારીઓએ પણ આપવી પડશે HSNની વિગતો!!!

## ૦૧ નવેમ્બરથી જી.એસ.ટી. પોર્ટલ ઉપર GSTR1માં ૫ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા કરદાતાઓએ પણ આપવી પડશે ૪ આંકડાના HSNની વિગતો




તા. ૨૬.૧૦.૨૦૨૨: જી.એસ.ટી. હેઠળ એક મહત્વનો સુધારો ૦૧ નવેમ્બર ૨૦૨૨ થી લાગુ કરવામાં આવી રહ્યો છે. આ સુધારા મુજબ ૦૧ નવેમ્બર બાદ ભરવામાં આવતા GSTR 1 માં 4 આંકડાના HSNની વિગતો આપવી ફરજિયાત બની જશે. ઉલ્લેખનીય છે કે આ સુધારો ૫ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા કરદાતાઓને લાગુ પડશે. અગાઉથી ૫ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટેતો ૬ આંકડાનો HSN આપવો ફરજિયાત બનાવી આપવામાં આવ્યો છે. હવે નાના વેપારીઓ માટે પણ પોતાના રિટર્નમાં HSN ફરજિયાત આપવાનો થશે. HSN રિટર્નમાં દર્શાવવા વેપારીઓએ પોતાના વેચાણ બિલમાં પણ HSNની વિગતો દર્શાવવી ફરજિયાત બની જશે. જો બિલમાં આ HSN હોય તો જ તેમના એકાઉન્ટન્ટ એકાઉન્ટમાં આ HSN ની વિગતો દર્શાવી શકે છે. આમ, ૦૧ નવેમ્બરથી કરદાતાઓ માટે HSN મુજબ વેચાણ દર્શાવવાની મહત્વની જવાબદારી ઉપસ્થિત થશે. આ પ્રકારના ફેરફાર નવેમ્બર જેવા વર્ષના વચ્ચેના મહિનાથી કરવાને બદલે નાણાકીય વર્ષની શરૂઆતથી કરવામાં આવે, જેથી વેપારીઓ વધુ તૈયારી સાથે આ નિયમનું પાલન કરી શકે, તેવી માંગ વેપારીઓમાં ઉઠી રહી છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે.**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

### ૧૨ નવેમ્બર ૨૦૨૨
### જી.એસ.ટી./વેટ

**અમારા અસીલ એક GOVERNMENT CONTRACTOR છે. તેઓ ટેન્ડર મેળવી કામ કરે છે. તેઓ GOVERNMENTના બિલો બનાવે છે. GOVERNMENT GST નંબર ધરાવે છે. તેઓનું પાછલા વર્ષનું ટર્નઓવર ૧૦ કરોડથી વધુ છે. શું તેઓ ઇ-ઇનવોઇસ બનાવવા જવાબદાર બને?**

જવાબઃ હા, ગવર્નમેંટ કામ માટે ઇ ઇંવોઇસ બનાવવું જરૂરી બને તેવો અમારો મત છે.

**NON-GST એટલે કે પેટ્રોલ પંપ ને ટર્ન ઓવર પાછળ ના વર્ષનું ૧૦ કરોડ થી વધુ છે. તો ઇ-ઇનવોઇસ બનાવવું પડે કે કેમ ?**

જવાબઃ પેટ્રોલ-ડીઝલના વેચાણ માટે ઇ ઇંવોઇસ બનાવવાની જવાબદારી ના આવે. પરંતુ આ સિવાયના B2B વ્યવહાર જેવા કે ઓઇલ વેચાણ, બાબતે ઇ ઇંવોઇસ બનાવવા જવાબદાર રહે.

**ટ્રાન્સપોર્ટ અને ગૂડ્સ સાથે સર્વિસ આપે છે. ટર્ન ઓવર પાછળ ના વર્ષનું ૧૦ કરોડ થી વધુ છે તો ઇ-ઇનવોઇસ બનાવવું પડે કે કેમ ?**

જવાબઃ ના, GTA ને ઇ ઇંવોઇસ બનાવવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

**A.P.M.C.માં માર્કેટ સેસની આવક થાય છે. તેમને ભાડાની આવક થાય છે. જે ૨૦ લાખથી ઓછી છે. તો તેમને GST રજીસ્ટ્રેશન લેવું પડે કે કેમ?**

જવાબઃ હા, જો ભાડાની આવક ટેકસેબલ આવક હોય, તો એગ્રીગેટ ટર્નઓવર ૨૦ લાખથી વધુ હોય જી.એસ.ટી. નંબર લેવા જવાબદાર બને.

### ૨૨ ઓક્ટોબર ૨૦૨૨
### જી.એસ.ટી./વેટ

**અમારા અસીલને જૂન મહિનામાં ખરીદ પરત થયાની ક્રેડિટ નોટ મળેલ છે. આ ક્રેડિટ નોટ જૂન મહિના GSTR -1માં વેચનાર દ્વારા દર્શાવવામાં આવેલ નથી પરંતુ સપ્ટેમ્બર મહિનાના GSTR-1માં દર્શાવવામાં આવેલ છે. આવા સંજોગોમાં અમારા અસિલે આ ક્રેડિટ નોટ અંગે ટેક્સ રિવર્સલ કરવાની જવાબદારી જૂન મહિનામાં આવે કે સપ્ટેમ્બર માહિનામાં?– મયુર બારોટ, એકાઉન્ટન્ટ, ઉના**

જવાબઃ ક્રેડિટ નોટ જૂન મહિનાની હોય આ ક્રેડિટ નોટ વેચનાર દ્વારા ભલે GSTR 1 માં દર્શાવવામાં ના આવેલ હોય, ખરીદનાર આ ક્રેડિટ નોટની ક્રેડિટ જૂન ૨૦૨૨માંજ રિવર્સ કરી આપવાની રહે તેવો અમારો મત છે.




**અમારા અસીલનું નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨નું કુલ ટર્નઓવર ૧.૧૦ કરોડ જેવુ હતું. ઇન્કમ ટેક્સ ઓડિટ કરવા સમયે જાણવા મળ્યું કે કોઈ ક્લેરિકલ ભૂલના કારણે તેઓનું વર્ષ દરમ્યાન ૧૨ લાખ જેવુ B2C ટર્નઓવર GSTR-1 કે GSTR-3B માં દર્શાવવાનું રહી ગયું છે. હવે આ વેચાણ બાબતે શું કરવું જોઈએ? આ વેચાણ સપ્ટેમ્બર ૨૦૨૨ના રિટર્નમાં લઈ લેવું જોઈએ કે DRC 03 દ્વારા આ ભરી આપવું જોઈએ? શું આમ સુધારો થવાના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨નું વાર્ષિક રિટર્ન ભરવું ફરજિયાત રહે? – ધર્મેશ પરમાર, ટેક્સ કન્સલ્ટન્ટ, જુનાગઢ**

જવાબઃ આ કિસ્સામાં આપની પાસે બન્ને વિકલ્પ રહે, નવેમ્બર મહિના સુધી ભરવાના થતાં GSTR-3Bમાં આ ફેરફાર દર્શાવી શકાય અથવા તો DRC 03 દ્વારા પણ આ દર્શાવી શકાય. બન્ને બાબતોના પોતાના ફાયદા ગેર ફાયદા છે. GSTR 1માં તો ફેરફાર કરવો જરૂરી જ રહેતો હોય GSTR 3Bમાં ફેરફાર લેવામાં આવે તો GSTR 1 તથા 3B વચ્ચે તફાવતના આવે. જી.એસ.ટી. હેઠળ વાર્ષિક રિટર્ન ભરવું ટર્નઓવર મુજબ ફરજિયાત નથી પરંતુ આ ફેરફારના કારણે આ વર્ષ માટે વાર્ષિક રિટર્ન ભરી આપવું અમારા માટે હિતાવહ ચોક્કસ ગણી શકાય.

**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
CA મોનીષ શાહ, અમદાવાદ
એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
CA દિવ્યેશ સોઢા, પોરબંદર
એડવોકેટ ભવ્ય પોપટ

**અમારા અસીલ IT (ઈન્ફોર્મેશન ટેકનોલોજી) અંગેની સેવાઓ ભારતમાં તથા વિદેશમાં એમ બંને જગ્યાએ આપે છે. આ અંગે જી.એસ.ટી.ની શું જવાબદારી આવે તે જણાવવા વિનંતી. – વિજય પ્રજાપતિ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ ભારતમાં IT અંગેની સેવાઓ આપવામાં આવે તે ૧૮% લેખે જી.એસ.ટી. ભરવા જવાબદાર બને. જો ફોરેન કરન્સીમાં આવક આવતી હોય અને એક્સપોર્ટ ઓફ સર્વિસની તમામ શરતો પૂર્ણ કરતાં હોય અને LUT ફાઇલ કરેલ હોય તો એકપોર્ટ ઓફ સર્વિસ ગણાય અને તેના ઉપર જી.એસ.ટી. લાગે નહીં. જો આમ ના થતું હોય તો ભારત બહાર આપવામાં આવેલ સેવાઓ ઉપર પણ ૧૮% લેખે જી.એસ.ટી.ની જવાબદારી આવે તેવો અમારો મત છે.

**અમારા અસીલ પેકેજિંગ પ્લાન્ટ ધરાવે છે. આ પ્રક્રિયામાં બોક્સ બન્યા પછી કટિંગ વેસ્ટ સ્કેપ નીકળે છે. આ વેસ્ટ સ્કેપ ઉપર ક્યાં દરે જી.એસ.ટી. લાગુ પડે. આ સ્કેપનો ઇંજ્ગ જણાવવા વિનંતી. – નિલેષ લાખાણી, ટેક્સ કન્સલ્ટન્ટ, કોડીનાર**

જવાબઃ પેકેજિંગના કટિંગ વેસ્ટ ઉપર અમારા મતે ૪૭૦૭ HSN લાગુ પડે અને ૫% લેખે જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

**અમારા અસીલ આઈસ પ્લાન્ટ ધરાવે છે. આ આઈસ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી ત્યારે તેઓએ મશીનરી ઉપરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરેલ છે. બિલ્ડીંગ ઉપર કોઈ ક્રેડિટ ક્લેઈમ કરેલ નથી. હવે તેઓને સરકાર તરફથી સબસિડી મળે છે. આ સબસિડી મળતા મશીનરી ઉપર લેવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ઘટાડવાની રહે કે નહીં? – નિલેષ લાખાણી, ટેક્સ કન્સલ્ટન્ટ, કોડીનાર**

જવાબઃ સામન્ય રીતે સબસિડીએ જી.એસ.ટી. વગરની રકમ ઉપર ગણતરી કરવામાં આવતી હોય છે. આ રીતે જો ગણતરી કરવામાં આવે તો મશીનરી ઉપરના જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ રિવર્સ કરવાની થાય નહીં તેવો અમારો મત છે.

### -: ખાસનોંધ :-

૧. મિત્રો, આ પ્રશ્નોના જવાબ સામાન્ય સંજોગોમાં આપવામાં આવતા હોય છે. અમારા મતે જી.એસ.ટી.ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગેના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણ કે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવાનો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરાના દર અંગેના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડેને આ સેવા વાચકોના લાભાર્થે આપે છે. તમામ વાચકોને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડેને નીચે આપેલ ઈમેઈલ પર મોકલે. કોઈપણ સંજોગોમાં વાચકોને વિનંતી કે એક્સપર્ટ્સનો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કોલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઈમેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમરઃ** આ કોલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદાના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસમાં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકોના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# ટેક્સ એડવોકેટ એસોસીએશન ગુજરાત દ્વારા દિવાળી ગેટ ટુ ગેધરનું આયોજન

## અમદાવાદના નવદીપ હોલ ખાતે દિવાળી સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન, મોટી સંખ્યામાં સભ્યો રહ્યા હાજર








તા.૨.૧૧.૨૦૨૨:ટેક્સ એડવોકેટસ એસોસીએશન ગુજરાત તથા ટેક્સ એડવોકેટ્સ એસોસીએશન ગુજરાતની લેડિઝ વિંગના સંયુક્ત ઉપક્રમે પોતાના સભ્યો તથા તેમના પરિવાર માટે દિવાળી સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન અમદાવાદના AMC નવદીપ હોલ ખાતે ૨ નવેમ્બર ૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં મોટી સંખ્યામાં એસોસીએશનના સભ્યો તથા પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. સાંજે ૭ વાગ્યે શરૂ થયેલ પ્રોગ્રામમાં હાઉસી, કપલ મ્યુઝીકલ ચેર જેવી રમતો સભ્યો તથા પરિવારના સભ્યો માટે રમાડવામાં આવી હતી. આ રમતોમાં વિજેતાઓને એસોસીએશન દ્વારા વિવિધ ઇનામો આપવામાં આવ્યા હતા. આ રમતો બાદ મહેમાનોએ ડિનરનો લાભ લીધો હતો. પ્રોગ્રામના સફળ આયોજન માટે સંસ્થાના પ્રમુખ પંકજ શાહ, સેક્રેટરી બિંદેશ શાહ તથા તેમની ટિમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે

# ધી ગુજરાત સેલ્સટેક્સ બાર એસોસીએશન દ્વારા દિવાળી ગેટ ટું ગેધરનું આયોજન







તા.૩.૧૧.૨૦૨૨: ગુજરાતના જી.એસ.ટી.ની પ્રેક્ટિસ કરતાં ટેક્સ પ્રોફેશનલ્સના સૌથી મોટા એસોસીએશન એવા ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશન દ્વારા પોતાના સભ્યો તથા તેમના પરિવાર માટે દિવાળી ગેટ ટુ ગેધરનું આયોજન સાનિધ્ય પાર્ટી પ્લોટ અમદાવાદ ખાતે તારીખ ૦૩ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે એસોસીએશનનું નામ ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસીએશન તરીકે ફેરવવા અંગેની ઔપચારિક જાહેરાત પણ કરવામાં આવી હતી. સંસ્થાના વરિષ્ઠ સભ્ય નયનભાઇ શેઠ, કુલીનભાઈ શાહ, ભરતભાઇ ઠક્કર, પ્રદીપભાઇ જૈન સહિતના આગેવાના હસ્તે સંસ્થાના નવા નામનું અનાવરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ હર્નિશભાઈ મોઢ, ઉપ પ્રમુખ જયેશભાઇ શાહ, માનદ મંત્રી શૈલેષભાઈ મકવાણા સહિત સમગ્ર કારોબારી સભ્યોની ટિમ દ્વારા સંસ્થાના તમામ સભ્યોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સંસ્થાના સભ્યો પરિવાર સાથે મોટી સંખ્યામાં આ ગેટ ટુ ગેધરમાં હાજર રહ્યા હતા.



# મોરબી પુલ દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલી આપતું ઉના બાર એસોસીએશન

## મોરબીના ઝૂલતા પુલ તૂટવાની ઘટનાના પગલે ૧૫૦ થી વધુ મૃતકોને શ્રદ્ધાંજલી આપતા ઉના બાર એસોસીએશનના સભ્યો

તા. ૦૩.૧૧.૨૦૨૨: ઉના બાર એસોસીએશન દ્વારા ગત રવિવારે મોરબી ખાતે પુલ તૂટી જવાની ઘટનામાં મૃત્યુ પામનર ૧૫૦ થી વધુ મૃતકોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

આ પ્રાથના સભામાં ઉના બારના પ્રમુખ પ્રેમજીભાઈ બારૈયા, ભૂતપૂર્વ પ્રમુખ અને સિનિયર વકીલ રામજીભાઇ પરમાર, પી.ડી. ડોબરિયા, નિલેશભાઈ ડાભી, સુરેશભાઇ રાજા વગેરે વકીલો ઉપસ્થિત રહ્યા હતા. મોરબીમાં બનેલ ગોઝારી ઘટના અંગે સૌ વકીલમિત્રોએ દુઃખ પ્રકટ કરી શ્રદ્ધાંજલી ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.




◆ Year: 6, ◆ Issue No.13, ◆ Continue Issue No.73, ◆ Date: 19/11/2022, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.